Extra No. 198

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **THURSDAY, JUNE 5, 2025 / JYAISTHA 15, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૨૨મી એપ્રિલ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૨૦૨૫નો ૨૪/પીઆરએચઆરડીડી/કેઆરટી/ઈ-ફાઈલ/૨૦૨૫૧૫૭૯/ખ-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Under

Tracer, Class lll, in the Superior Panchayat Service, Recruitment Rules, 2025

ઉચ્ચ પંચાયત સેવામાં, અનુરેખક (ટ્રેસર), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી એપ્રિલ, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક. કેપી/૨૦૨૫નો ૨૪/પીઆરએચઆરડીડી/કેઆરટી/ઈ-ફાઈલ/૨૦૨૫/૧૫૭૯/ખ:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫) સાથે વાંચતાં, કલમ ૨૨૭થી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ઉચ્ચ પંચાયત સેવામાં, અનુરેખક (ટ્રેસર), વર્ગ-૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. (૧) આ નિયમો ઉચ્ચ પંચાયત સેવામાં, અનુરેખક (ટ્રેસર), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ઉચ્ચ પંચાયત સેવામાં, અનુરેખક (ટ્રેસર), વર્ગ-૩ -ની જગા પર નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૩ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

"પરંતુ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત પંચાયત સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે";

(ખ) સરકાર દ્વારા સ્થાપવામાં આવેલી કોઈ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી મેળવેલા સિવિલ ડ્રાફ્ટસમેનમાં ઓછામાં ઓછું બે વર્ષનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ ના નિયમ ૧૦-ક ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ગોપાલસિંહ યાદવ,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.06.30 13:13:13 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar